## સ્તવન

થાશું પ્રેમ બન્યો છે રાજ, નિર્વહેશો તો લેખે.

મેં રાગી પ્રભુ થેં છો નીરાગી, અણજુગતે હોય હાંસી;
એક પખો જે નેહ નિર્વહેવો, તેહ માંકી શાબાશી.થા૦ ૧

નીરાગી સેવે કાંઈ હોવે, ઇમ મનમાં નવિ આણું;
ફળે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું.થા૦૨

ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે;
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુગુણ પ્રેમ સ્વભાવે.થા૦૩

વ્યસન ઉદય જે જલધિ અનુહરે, શશીને તેહ સંબંધે;
અણસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે. થા૦૪
દેવ અનેરા તુમથી છોટા, થેં જગમેં અધિકેરા;
'યશ' કહે ધર્મ જિનેશ્વર થાશું, દિલ માન્યા હૈ મેરા. થા૦૫

# પન્નરમા શ્રી ધર્મનાથ પરમાત્માનું સ્તવન

ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ,
આપણો આતમા તેહવો ભાવિએ ।
જાતિ જસુ એકતા તેહ પલટે નહીં,
શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી ॥ ૧ ॥

નિત્ય નિરવયવ વલી એક અક્રિયપણે,
સર્વગત તેહ સામાન્યભાવે ભણે ।
તેહથી ઈતર સાવયવવિશેષતા,
વ્યક્તિભેદે પડે જેહની ભેદતા ॥ ૨ ॥

એકતા પિંડને નિત્ય અવિનાશતા,
અસ્તિ નિજ ઋદ્ધિથી કાર્યગત ભેદતા ।
ભાવશ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા,
ભવ્ય પર્યાયની જે પરાવર્તિતા ॥ 3 ॥

ક્ષેત્ર ગુણ ભાવ અવિભાગ અનેકતા,
નાશ ઉત્પાદ અનિત્ય પરનાસ્તિતા ॥
ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ અવક્તવ્યતા,
વસ્તુ તે રૂપથી નિયત અભવ્યતા ॥ ૪ ॥

ધર્મ પ્રગ્‌ભાવતા સકલ ગુણ શુદ્ધતા,
ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામન,
શુદ્ધ સ્વપ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા,
વ્યાપ્ય વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહકતા ॥ ૫ ॥

સંગ પરિહારથી સ્વામી નિજપદ લહ્યું,
શુદ્ધ આત્મિક આનંદપદ સંગ્રહ્યું ।

જહવિ પરભાવથી હું ભવોદધિ વસ્યો,
પરતણો સંગ સંસારતાયે ગ્રસ્યો ॥ ૬ ॥

તહવિ સત્તાગુણે જીવ એ નિર્મલો,
અન્યસંશ્લેષ જિમ ફિટક નવિ સામલો ।
જે પરોપાધિથી દુષ્ટપરિણતિ ગ્રહી,
ભાવ તાદાત્મ્યમાં માહરૂં તે નહી ॥ ૭ ॥

તિણે પરમાત્મપ્રભુ ભક્તિરંગી થઈ,
શુદ્ધ કારણ રસે તત્ત્વ પરિણતિ મયી ॥
આત્મગ્રાહક થયે તજે પર ગ્રહણતા,
તત્ત્વભોગી થયે ટળે પર ભોગ્યતા. ॥ ૮ ॥

શુદ્ધ નિઃપ્રયાસ નિજભાવ ભોગી યદા,
આત્મક્ષેત્રે નહી અન્ય રક્ષણ તદા ॥
એક અસહાય નિઃસંગ નિર્દ્વન્દ્વતા,
શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યક્તતા ॥ ૯ ॥

તેણે મુજ આત્મા તુજ થકી નીપજે,
માહરી સંપદા સકલ મુજ સંપજે ॥
તેણે મનમંદિરે ધર્મ પ્રભુ ધ્યાઈએ,
પરમ દેવચંદ્ર નિજ સિદ્ધિ સુખ પાઇયેં ॥ ૧૦ ॥

## શ્રી ધર્મનાથ પ્રભુનું સ્તવન.

ઇમ કરીએ રે નેડા ઇમ કરીએ રે, સુગુણાશું નેડા ઇમ કરીએ; ચિત્ત અટકયું પ્રભુની ચાકરીએ, ભવ સાગર સુખથી તરીએ રે. જિનજીશું નેડા ઇમ કરીએ ॥ ૧ ॥ એકને મૂકી બેને ખંડી, ત્રણનો સંગ તે પરિહરિએ સુગુણા૦; ચાર જણા શિર ચોટ કરીને, પાંચની સેવા અનુસરીએ. સુગુણા૦ ॥ ૨ ॥ છ સત્ત અઠ નવ દશાને છંડી, એકાદશા દિલમાં ધરીએ રે સુગુણા૦; બારનો આદર કરી અહોનિશ, તેરથી મનમાં ઘણું ડરીએરે. સુ૦ ॥ ૩ ॥ પાંચ આઠ નવ દશ તેરને, બાંધી નાંખીએ ભરદરીએ રે સુ૦; સત્તાવીશનો સંગ કરીને, પચીશની પ્રીતે ઠરીએ રે. સુ૦ ॥ ૪ ॥ બત્રીશ તેત્રીશ ચોરાશી ઓગણીશ, ટાળી ચારથી નવિ ફરીએ રે સુ૦; સુડતાળીશથી દૂરે રહીએ, એકાવન મનમાં ભરીએ રે. સુ૦ ॥ ૫ ॥ વીશને સેવી બાવીશ બાંધી, ત્રેવીશથી નિશદિન લહીએ રે સુ૦; ધર્મ પ્રભુશું સ્નેહ કરતાં, અમૃત સુખ રંગે વરીએ રે. સુ૦ ॥ ૬ ॥

## (૨) ધર્મ જિણેશ્વર ધર્મધુરંધર...

(રાગ : શ્યામ તેરી બંસી.../મારો મુજરો.../અમી ભરેલી.../આજ મનોરથ...)

ધર્મ જિણેશ્વર ધર્મધુરંધર, પૂરણ પુણ્યે મળિયો,
મન મરુથલ મેં સુરતરુ ફળિયો, આજ થકી દિન વળિયો.
પ્રભુજી ! મહેર કરી મહારાજ, કાજ હવે મુજ સારો,
સાહિબ ! ગુણનિધિ ગરીબ નિવાજ, ભવજલ પાર ઉતારો.॥ ૧॥
બહુ ગુણવંતા જેહ તેં તાર્યા, તે નહિ પાડ તુમારો,
મુજ સરીખો પથ્થરજો તારો, તો તુમચી બલિહારો.પ્રભુજી૦॥ ૨॥
હું નિર્ગુણ પણ તાહરી સંગે, ગુણ લહું તેહ ઘટમાન,
નિંબાદિક પણ ચંદન સંગે, ચંદન સમ લહે તાન. પ્રભુજી૦॥ ૩॥
નિર્ગુણ જાણી છેહ દેશો, જુઓ આપ વિચારી,
ચંદ્ર કલંકિત પણ નિજ શિરથી, ન તજે ગંગાધારી. પ્રભુજી૦॥ ૪॥
સુવ્રતાનંદન સુવ્રતાદાયક, ધારક જિનપદવીનો,
પાયક જાસ સુરાસુર કિન્નર, ઘાયક મોહરિપુનો. પ્રભુજી૦॥ ૫॥
તારક તુમ સમ અવર ન દીઠો, લાયક હાથ હમારો;
શ્રી ગુરુ 'ક્ષમાવિજય' પય સેવી, કહે જિન ભવજલ તારો. પ્રભુજી૦॥ ૬॥

## (૩) શ્રી ધરમ જિણંદ દયાળજી...

(રાગ : તું મને ભગવાન.../વિનતડી મન.../આંખડી મારી...)

શ્રી ધરમ જિણંદ દયાળજી, ધરમ તણો દાતા;
સવિ જંતુ તણો રખવાલજી, ધરમ તણો ત્રાતા.
જસ અમિય સમાણી વાણીજી, ધ૦ જેહ નિસુણે ભાવે પ્રાણીજી ધ૦ ॥૧॥
તેહના ચિત્તનો મેલ જાયજી, ધ૦ જિમ કતક ફળે જળ થાયજી; ધ૦
નિરમળતા તેહ જ ધર્મજી, ધ૦ કલુષાઈ મેટ્યાનો મર્મજી. ધ૦ ॥૨॥
નિજ ધરમ તો સહજ સભાવજી, ધ૦ તોહિ તુજ નિમિત્ત પ્રભાવજી; ધ૦
વનરાજી ફૂલની શક્તિજી, ધ૦ પણ રિતુરાજે હઈ વ્યક્તિજી. ધ૦ ॥૩॥
કમળાકરે કમળ વિકાસજી, ધ૦ સોરંભતા લખમી વાસજી; ધ૦
તે દિનકર કરણી જોયજી, ધ૦ ઈમ ધરમ દાયક તું હોયજી. ધ૦ ॥૪॥
તે માટે ધરમના રાગીજી, ધ૦ તુજ પદ સેવે વડભાગીજી; ધ૦
કહે 'માનવિજય' ઉવજ્ઝાયજી, ધ૦ નિજ અનુભવ જ્ઞાન પસાયજી. ધ૦ ॥૫॥

## (૪) ધર્મ જિનેસર સુણ પરમેસર...

(રાગ : જય દેવ જય દેવ / વૈષ્ણવજન તો તેને કહીએ...)

ધર્મ જિનેસર સુણ પરમેસર, તુજ ગુણ કેમ કહાયજી?,
તુજ વચને તુજ રૂપ જણાયે, અવર ન કોઈ ઉપાયજી. ॥૧॥
તાહરે મિત્ર અને શત્રુ સમ, અરિહંત તું હી ગવાયજી,
રૂપ-સ્વરૂપ અનુપમ તું જિન, તો હી અરૂપી કહાયજી. ॥૨॥
લોભ નહિ તુજમાંહિ તો પણ, સઘળા ગુણ તેં લીધજી,
તું નિરાગી પણ તેં રાગી, ભક્ત તણાં મન કીધજી. ॥૩॥
નહિ માયા તુજમાં જિનરાયા, પણ તુજ વશ જગ થાયજી,
તું હી સકલ તું જ અકલ કલે કુણ ? જ્ઞાન વિના જિનરાયજી. ॥૪॥
સુગુણ સનેહી મહેર કરો મુજ, સુપ્રસન્ન હોઈ જિણંદજી,
પભણે 'કેસર' ધર્મ જિનેસર, તુજ નામે આણંદજી. ॥૫॥

## (૫) લાગી રે મુને!... ધર્મ જિણંદશું પ્રીત...

(રાગ : સખી રે આજ આનંદ કી ઘડી... /પાયોજી મૈંને રામ રતન...)

લાગી રે મુને!... ધર્મ જિણંદશું પ્રીત (૨) લાગી રે મુને!
પ્રીત પુરાની ન તોડો જિનજી (૨) એ સજ્જન કી ન રીત. ॥૧॥
દાન શિયળ તપ ભાવના ચઉવિધ (૨) ધર્મ કી થાપના કીધ. ॥૨॥
દશ દ્વાદશ વિધ સાધુ શ્રાદ્ધ કે (૨) દેશના ધર્મ કી દીધ.॥૩॥
જગજંતુ ઉદ્ધારણ કારણ (૨) મારગ કીયો રે પ્રસિદ્ધ. ॥૪॥
ધર્મનાથ જિન ધર્મ પ્રકાશી (૨) જગ મેં બહુ જશ લીધ. ॥૫॥
'વીરવિજય' આતમપદ લેવા (૨) ધર્મ સુણ્યાની રે પ્રીત. ॥૬॥

## (૬) સુણો ધર્મ પ્રભુ! જિનચંદા...

(રાગ : ઓઘો છે અણમોલો.../તુમ્હે સૂરજ કહું યા.../એ મેરે વતન કે...)

સુણો ધર્મ પ્રભુ! જિનચંદા, એક અરજ કરું સુખકંદા;
પ્રભુ! તું અગણિત ગુણ વરિયો, વિભુ! હું અવગુણે ભરિયો. ॥૧॥
પ્રભુ! તું શિવરામા રંગી, વિભુ! હું ભવસાગર સંગી;
પ્રભુ! દુષ્ટ કર્મ તે તોડ્યા, વિભુ! મેં મુજ સાથે જોડ્યા.॥૨॥
પ્રભુ! તારે મુજ સરીખા અનેક, વિભુ! તું છે મુજ મન એક;
હવે શરણ ગ્રહું ભગવંત, મુજ દુઃખ તણો લાવો અંત. ॥૩॥
નથી તુજ વિના કોઈ ભવતારક, તું જિન હોઈ જગનાયક;
અંતરયામી અઘઘાયક, પ્રભુ વિસરામી શિવનાયક. ॥૪॥
મુજ અષ્ટ કરમને કાપો, અવિચલ પદ શંકર આપો;
એટલી વિનંતી શિરનામી, કહે 'માણેક'દ્યો ગુણધામી.॥૫॥

## (૭) ધર્મ જિનેશ્વર દરિશન પાયો...

(રાગ : પ્રેમ ભરેલું હૈયું... / આજ મનોરથ મારો... /વીર મધુરી વાણી...)

ધર્મ જિનેશ્વર દરિશન પાયો, પ્રબળ પુણ્યે આજ રે,
માનું ભવજળ રાશિ તરવા, મળ્યું જંગી જહાજ રે. ધર્મ૦॥૧॥

સુકૃત સુરતરુ સહેજે ફળિયો, દુરિત ટળિયો વેગે રે;
ભુવન પાવન સ્વામી મળિયો, ટળિયો સકળ ઉદ્દ્વેગ રે.ધર્મ૦॥૨॥
નામ સમરું રાત-દિહાં, પવિત્ર જિહ્વા હોય રે;
ફરી ફરી મુજ એહ ઈહા, નેહ નયણે જોય રે. ધર્મ૦॥૩॥
તું હી માતા તું હી ત્રાતા, તું હી ભ્રાતા સયણ રે;
તું હી સુરતરુ તું હી સદ્દ્ગુરુ, નિસુણો સેવક વયણ રે. ધર્મ૦॥૪॥
આપ વિલાસો સુખ અનંતા, રહ્યા દુઃખથી દૂર રે;
એણી પેરે કિમ શોભા લેશો, કરો દાસ હજૂર રે. ધર્મ૦॥૫॥
એમ વિચારી ચરણ સેવા, દાસને દ્યો દેવ રે;
'જ્ઞાનવિમલ' જિણંદ ધ્યાને, પામે સુખ નિત્યમેવ રે... ધર્મ૦॥૬॥

## (૯) ધર્મનાથ તુજ સરીખો...

ધર્મનાથ તુજ સરીખો, સાહિબ શિર થકે રે,
ચોર જોર જે ફોરવે, મુજશ્યું ઈક મતે રે. ॥૧॥
ગજનીમિલિકા ઉરથી, તુજને નવિ ઘટે તું,
જો તુજ સન્મુખ જોતાં, અરિનું બલ મિટે. ॥૨॥
રવિ ઊગે ગયણાંગણ , તિમિર તે નવિ રહે,
કામ કુંભ ઘર આવે, દારિદ્ર કિમ લહે રે. ॥૩॥
વન વિચરે જો સિંહ તો, બીહ ન ગજ તણી રે,
કર્મ કરે શ્યું  જોર, પ્રસન્ન જો જગધણી રે. ॥૪॥
સુગુણ નિર્ગુણનો અંતર, પ્રભુ નવિ ચિત્ત ધરે,
નિર્ગુણ પણ શરણાગત, જાણી હિત કરે રે. ॥૫॥
ચન્દ્ર ત્યજે નવિ લંછન, મૃગ અતિ શામળો રે,
'જશ' કહે તિમ તુમ જાણી, મુજ અરિ બલ દળો રે. ॥૬॥

(૮) (રાગ : મૈત્રીભાવનું.../ ચાર દિવસના.../ વે દિન ક્યું.../ યુગોથી હું...)

**ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું,** ભંગ મ પડશો હો પ્રીત; **જિનેશ્વર,**
બીજો મન મંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત. જિ..ધ..૧
ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધર્મ ન જાણે હો મર્મ; જિ..
ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ. જિ..ધ..૨
પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન; જિ..
હૃદય નયણ નિહાલે જગધણી, મહિમા મેરુ સમાન. જિ..ધ..૩
દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ; જિ..
પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો રે જોડ. જિ..ધ..૪
એક પખી કિમ પ્રીતિ પરવડે, ઉભય મિળ્યા હોવે સંધિ; જિ..
હું રાગી હું મોહે ફંદિયો, તું નિરાગી નિરબંધ. જિ..ધ..૫
પરમનિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય; જિ..
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પુલાય. જિ..ધ..૬
નિરમલ ગુણમણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ; જિ..
ધન્ય તે નગરી ધન્ય વેલા ઘડી, માત પિતા કુલ વંશ. જિ..ધ..૭
મન મધુકર વર કરજોડી કહે, પદકજ નિકટ નિવાસ; જિ..
ઘન નામી **'આનંદઘન'** સાંભળો, એ સેવક અરદાસ. જિ..ધ..૮

(૭) (રાગ : વસંત...)

**ભજ ભજ મન ! પન્નરમો જિણંદ,** ભવ ભવ કે નિવડે ફંદ,
જાકું સેવે સુર નર ઇંદ, દરસણ દેખે પામે આનંદ;
ઉલ્લસે મન જેસે ચકોર ચંદ, કાટે દુઃખ કઠોર કરમ ફંદ. ભજ...૧
સમકિતદાયક સુખ કો નિધાન, સબ પ્રાણી કું દીએ અભયદાન;
અજ્ઞાન મહાતમ ઉદયભાન, સો પ્રભુ કું ધરી હૃદય ધ્યાન. ભજ...૨
લહીએ જાથે સંસાર પાર, અવિચલ સુખ સંપત્તિ દેણહાર;
નિરાધારનો તુંહી આધાર, 'જિનહર્ષ' નમીજે વારંવાર. ભજ...૩



Scanned with CamScanner

(૯) (રાગ : )

વારુ રે વાલા વારુ તું તો મેં દિલવાહી રે;
મુજને મોહ લગાડ્યો પોતે બેપરવાહી રે. ૧
હવે હું હઠ લઈ બેઠો ચરણ સાહી રે;
કઈ રીતે મેલાવશો એ તો દ્યો બતાઈ રે. ૨
કોટિ ગમે જો તુજશું પ્રભુ કરું ગહિલાઈ રે;
તો પ્રભુ ધર્મ ધારી તુમે લ્યો નિવાહી રે. ૩
તું તારા અધિકાર સામું જોને ચાહી રે;
'ઉદય' પ્રભુ ગુણહીનને તારતા છે વડાઈ રે. ૪

 ત્યાગ કર્યા સિવાય તપ કદાપિ થઈ શકતો નથી.

Scanned with CamScanner

(૧૦) (રાગ : સ્વામી તુમે.../ આવાઝ દે કે હમેં.../આજ મારા પ્રભુજી...)

ધર્મજિણંદ ! તુમે લાયક સ્વામી, મુજ સેવકમાં પણ નહીં ખામી,
**સાહિબા રંગીલા હમારા, મોહના રંગીલા હમારા;**
જુગતિ જોડી મળી છે સારી, જો જો હિયડે આપ વિચારી. **સા...૧**
ભક્તવત્સલ એ બિરુદ તુમારો, ભગતિ તણો ગુણ અચલ અમારો;
તેહમાં કો' વિવરો કરી કલશે, તો મુજ અવશ્યમાં ભલશે. **સા...૨**
મૂળ ગુણ તું નિરાગી કહાવે, તે કેમ રાગ ભુવનમાં આવે;
વળી છોટે ઘટ મોટો ન માવે, તે મેં આણ્યો સહજ સ્વભાવે. **સા...૩**
અનુપમ અનુભવ રચના કીધી, ઈમ શાબાશી જગમાં લીધી;
અધિકું ઓછું અતિ આસંગે, બોલ્યું ખમજો પ્રેમ પ્રસંગે. **સા...૪**
અમથી હોડ હુએ કિમ ભારી, આશ ધરું એમ નેટ તુમારી;
હું સેવક તું જગવિસરામ, વાચકવિમલ તણો કહે **'રામ'**. **સા...૫**

Scanned with CamScanner

(૧૧) (રાગ : દીદી તેરા દેવર... /આવો આવો હે વીટ સ્વામી...)

**લ્યોને લ્યોને મુજરો લ્યોને, (૨) ધર્મ જિનેશ્વર પ્યારા;**

લ્યોને લ્યોને મુજરો લ્યોને, (૨) જીવન પ્રાણ આધારા.........૧

તુમ ગુણ રંગે અમે પ્રભુ રાચ્યા, માચ્યા નામ સુણીને;

અમે દરિસણનાં અર્થી તુમ કને, આવ્યા દાયક જાણીને. **લ્યો...૨**

દેર ન કીજે ઘડી એકની, દિયો દરિસણ અમોને;

દરિસણ દઈ સુપ્રસન્ન કીજે, એ શોભા છે તુમને. **લ્યો...૩**

મુજ ઘટ પ્રગટ્યો આનંદ અતિહિ, નવલી મૂરત પેખીને;

વિકસિત કમલ પરે મુજ હૈયું, થાયે તુમ મુખ દેખીને. **લ્યો...૪**

મુજ ભક્તિએ તુમે આર્ક્ષ્યા, આવ્યા છો મુજ ઘટમાં હે;

ન્યૂનતા ન રહી હવે કશી માહરે, તુમ સરીખો નહિ જગમાં. **લ્યો...૫**

સુવ્રતા નંદ સેવિત સુરવર, પૂરવ પુણ્યે મેં પાયો;

પંડિત પ્રેમવિજય સુપસાયે, **'ભાણવિજય'** મન ભાયો. **લ્યો...૬**



Scanned with CamScanner

**અર્થ**—હે પ્રભુ! બીજા બધા દેવો આપથી નાના છે, કોઈ ને કોઈ દોષથી ભરેલા છે, માત્ર આપ જ જગતમાં મોટા છો, દેવાધિદેવ છો, સર્વ દોષરહિત છો. માટે યશોવિજયજી કહે છે કે, હે ધર્મ જિનેશ્વર! આપ પર મારું દિલ ઠર્યું છે, મારા હૃદયે આપને જ પ્રાણેશ્વર તરીકે સ્વીકાર્યા છે. અનેરા=અન્ય, બીજા.

## (૧૫) શ્રી ધર્મનાથ પ્રભુનું સ્તવન

ધરમ જિણંદ ધરમ ધણીરે, વજ્ર સેવે પાય;
વજ્ર લંછન જિન આતરૂં રે; ચાર સાગરનું થાયરે ॥ ૧ ॥
પ્રાણી સેવો શ્રી જિનરાજ, એહિજ ભવજલ જહાજરે; પ્રાણી૦

વૈશાખ સુદિ સાતમે ચવ્યારે, જનમ્યા મહા સુદિ ત્રીજ;
કાયા પીસ્તાલીસ ધનુષનારે, જેહથી લહે બોધ બીજ રે;
॥ પ્રાણી૦ ૨ ॥

કનક વરણ કંચન તજીરે, મહા સુદિ તેરસે દીસ;
પુરૂ પોષ સુદિ પુનમેરે, જ્ઞાન લહી દીએ શીખરે
॥ પ્રાણી૦ ૩ ॥

દસ લાખ વરસનું આઉખુંરે, તારી બહુ નરનાર;
જેઠ સુદિ પાંચમે શિવ વર્યારે, અજરામર અવિકાર રે
॥ પ્રાણી૦ ૪ ॥

તું સાહેબ સાચો લહીરે, જિનવર ઉત્તમ દેવ;
પદ્મવિજય કહે અવરનીરે, ન કરૂં સુપને સેવરે
॥ પ્રાણી૦ ૫ ॥ ઈતિ.

## ૩૭ ધર્મજિનેશ્વર તું કીમ વિસરે..

### (શ્રી ધર્મનાથ ભગવાન)

ધર્મજિનેશ્વર તું કીમ વિસરે, ધર્મદાયક જિનરાજ,
દર્શન અવિચલ જો તાહરૂં મળે, નાયક તું સિરતાજ,
ધન ધન તે દિન દરિસન પામીયો. ...૧

વસ્તુ છતાં કેમ સેવક દુભવી, દાતા કીમ કહાય;
સમકિત રત્ન ઇચ્છું હું એકીલું, દેતાં ન ખોટ જરાય...ધન. ...૨

છો તુમ સ્વામી હું દીન કિંકરો, સેવ્ય સેવકનો રે ભાવ;
માતા પિતા પાસે પુત્ર સવિ કહે, તેણે તુમકને મુજ રાવ...ધન. ...૩

દર્શન ક્ષાયિક જો પામું કદિ, પામીશ વળી તુજ રૂપ;
પછી તાર્યાનો ડોળ કરે રખે, ક્યાં તારક તું અનુપ... ધન. ...૪

જ્ઞાની પાસે શું બહુ બોલવું, મારે શરણ તું એક;
**વિજયમોહન** ગુરૂ પરતાપ પામતાં, વરીશું શિવ વધુ છેક...ધન. ...૫

## સ્તવન (૧)

ધર્મ જિનેસર દરિશન પાયો, પ્રબલ પુણ્યે આજ રે,
માનુ ભવજલ રાશિ તરવા, મળ્યું જંગી જહાજ રે. ધર્મ. ૧.

સુકૃત સુરતરૂ સ્હેજે ફળીયો, દુરિત ટળીયો વેગે રે,
ભુવન પાવન સ્વામી મળીયો, ટળીયો સકલ ઉદ્દ્વેગ રે. ધર્મ. ૨.

નામ સમરૂં રાત-દિહાં, પવિત્ર જિવ્હા હોય રે,
ફરી ફરી મુજ એહ ઈહા, નેહ નયણે જોય રે. ધર્મ. ૩.

તું હી માતા તું હી ત્રાતા, તું હી ભ્રાતા સયણ રે,
તું હી સુરતરૂં તું હી સદ્દગુરુ, નિસુણો સેવક વયણ રે. ધર્મ. ૪.

આપ વિલાસો સુખ અનંતા, રહ્યા દુઃખથી દૂર રે,
એણી પેરે કિમ શોભા લેશો, કરો દાસ હજૂર રે. ધર્મ. ૫.

એમ વિચારી ચરણ સેવા, દાસ ને દ્યો દેવ રે,
જ્ઞાનવિમલ જિણંદ ધ્યાને, પામે સુખ નિત્યમેવ રે. ધર્મ. ૬.

## સ્તવન (૨)

દેખો માઈ અજબ રૂપ હે તેરો, નેહ નયન સેં નિતુ નિરખતાં
જનમ સફલ ભયો મેરો. દેખો. ૧.

ધર્મ જિનેશ્વર ધર્મનો ધોરી, ત્રિભુવન માંહે વડેરો,
તારક દેવ ન દેખ્યો ભૂતલે, તુમથી કોઈ અનેરો. દેખો. ૨.

જિન તુમકું છોડી ઓરકું ધ્યાવત, કુન પકડત તસ છેરો,
જ્યું કુર્કુટ રોહણગિરિ છંડી, શોધિત દે ઉકેરો. દેખો. ૩.

પ્રભુ સેવાથી ક્ષાયિક સમકિત, સંગ લહ્યો અબ તેરો.
જન્મ જરા મરણાદિક ભ્રમણા, વારત ભવભય ફેરો. દેખો. ૪.

ભાનુભૂપકુલ કમલ વિબોધન, તરણિ પ્રતાપ ઘણેરો,
જ્ઞાનવિમલ પ્રભુ ચરણ કમલકી, સેવા હોત સવેરો. દેખો. ૫.